તાપમાન
મહત્તમ : ૩૯.૭ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૧ ૨૧ જૂન, ૨૦૧૬, મંગળવાર ; જેઠ વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફુડ પ્રોડક્ટ ઈ-કોમર્સમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી

**વિદેશી સીધા મૂડીરોકાણના ધારાધોરણો વધુ હળવા કરવાની જાહેરાત : સિંગલ બ્રાન્ડ રીટેઈલ, ઉડ્ડયન, એરપોર્ટ, ફાર્મા, ફુડ પ્રોડક્ટમાં એફડીઆઈ ધારાધોરણ હળવા : ડિફેન્સમાં એપ્રુવલ રૂટ દ્વારા ૧૦૦ એફડીઆઈને મંજુરી**



નવી દિલ્હી, તા.૨૦

મોટા સુધારાની દિશામાં આગળ વધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે સિંગલ બ્રાન્ડ રીટેઈલ, નાગરિક ઉડ્ડયન, એરપોર્ટ, ફાર્માસ્યુટીકલ, ફુડ પ્રોડક્ટમાં વિદેશી સીધા મૂડીરોકાણ (એફડીઆઈ) ધારા ધોરણને વધુ હળવા કરવાની જાહેરાત કરી હતી. પશુ સંવર્ધન મામલામાં પણ એફડીઆઈ ધારાધોરણો હળવા કરવામાં આવ્યા છે. આ જાહેરાતની સાથે જ મોદી સરકારે ઝડપથી સુધારાની દિશામાં આગળ વધવાનો સંકેત આપી દીધો છે. મોદી સરકારે એપ્રુવલ રૂટ મારફતે સંરક્ષણમાં ૧૦૦ ટકા વિદેશી મૂડીરોકાણને લીલી ઝંડી આપી દીધી છે. જ્યારે ફુડ પ્રોડક્ટ ઈ-કોમર્સમાં ૧૦૦ ટકા એફડીઆઈને પણ મંજુરી આપી છે. આ ઉપરાંત ઓટોમેટીક રૂટ મારફતે ગ્રીનફિલ્ડ ફાર્મામાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી છે.

બ્રો ફિલ્ડ ફાર્મામાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી છે જે પૈકી ૭૪ ટકા

● અનુસંધાન પાન-૭ પર

## નીલગાયને મારી નાંખવા પર સ્ટે મુકવા સુપ્રિમનો ઈનકાર

નવી દિલ્હી, તા.૨૦

નીલગાયને મારી નાખવા પર પ્રતિબંધ મુકવાની માંગણી કરતી અરજી પર સુપ્રિમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જોકે સુપ્રિમ કોર્ટે નીલગાયને મારી નાખવાની મંજુરી આપવાના કેન્દ્ર સરકારના જાહેરનામા પર સ્ટે મુકવાનો આજે ઈનકાર કરી દીધો હતો. પ્રતિબંધની માંગ કરતી અરજી પર સુનાવણી ચલાવતા સુપ્રિમે કહ્યું હતું કે અમે તેના પર સીધી રીતે પ્રતિબંધ મુકી શકીએ નહીં. એનિમલ વેલફેર બોર્ડ અને કેટલાક એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે આના માટે સરકારની પાસે જવાની જરૂર પડશે.

## બીજી બુલેટ ટ્રેન દિલ્હી-વારાણસી વચ્ચે દોડાવાશે

**વારાણસીથી દિલ્હીના ૭૮૨ કિલોમીટરના અંતરને પૂર્ણ કરવામાં ૧૨ કલાકનો સમય લાગે છે : બુલેટ ટ્રેનથી બે કલાક-૪૦ મિનિટનો સમય**



નવી દિલ્હી, તા.૨૦

નવી દિલ્હી-મુંબઈ-અમદાવાદ કોરીડોર બાદ હવે બીજી બુલેટ ટ્રેન દિલ્હી અને વારાણસી વચ્ચે દોડાવવામાં આવશે. હજુ વારાણસીથી પાટનગર દિલ્હીની ૭૮૨ કિલોમીટરની યાત્રા પુર્ણ કરવામાં ૧૨ કલાકથી વધુનો સમય લાગી જાય છે. બુલેટ ટ્રેન શરૂ કરવામાં આવ્યા બાદ આ ટ્રેનથી આ યાત્રાને માત્ર ૨ કલાક અને ૪૦ મીનીટમાં પૂર્ણ કરી શકાશે. આગામી વર્ષ યોજાનાર વિધાનસભા ચૂંટણી પહેલા દિલ્હીથી લખનૌ થઈને વડાપ્રધાનના લોકસભા મતવિસ્તાર અને ધર્મનગરી વારણસીને જોડનાર આ પ્રોજેક્ટ પર ખૂબ ઝડપથી કામ ચાલી રહ્યું છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનને લઈને ફંડથી જોડાયેલા મામલામાં જાપાન સાથે સમજૂતિ થઈ ગયા બાદ રેલ્વે તરફથી દિલ્હી-વારાણસી બુલેટ ટ્રેનને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. હકીકતમાં દિલ્હી-વારાણસી કોરીડોર દિલ્હી-કોલકાતા કોરીડોરના એક હિસ્સા તરીકે છે.


## આજે વિશ્વ યોગ દિવસ ઉજવાશે

**ચંદીગઢમાં મોદી ૩૫,૦૦૦થી વધુ નાગરિકો સાથે યોગમાં ભાગ લેશે : યોગને પ્રોત્સાહન આપવા માટે દુનિયાભરના ૧૭૦થી વધુ દેશોમાં પણ યોગ સાધનાના કાર્યક્રમો થશે**

નવી દિલ્હી, તા.૨૦

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આવતીકાલે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવનાર છે. દેશ વિદેશમાં અનેક મોટા કાર્યક્રમો યોજાનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચંદીગઢથી વિશ્વનું નેતૃત્વ કરશે. મોદીની પહેલ પર યોગને વિશ્વ દિવસોમાં સામેલ કરવામાં આવ્યા બાદ દુનિયાભરમાં યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્રસંગે દેશ વિદેશના અનેક મોટા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. મોદી પોતે ચંદીગઢમાં હાજર રહેશે અને હજારો લોકોની સાથે યોગા કરશે.

ચંદીગઢના પાટનગર સંકુલમાં આયોજિત કાર્યક્રમમાં ૩૫,૦૦૦થી વધારે લોકો તેમની સાથે ભાગ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચંદીગઢ શહેરમાં ૧૦૦ જુદા જુદા સ્થળો ઉપર પણ ૧૦,૦૦૦થી વધારે લોકો ભાગ લે તેવી શક્યતા છે. આ વખતે યોગ દિવસને મનાવવા માટે ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. યોગને પ્રોત્સાહન આપવા માટે ભારત, અમેરિકા, ચીન, કેનેડા, ઓસ્ટ્રેલિયા સહિતના અનેક દેશોમાં યોગ સાધનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. બીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને



મનાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

દુનિયાના ૧૭૦થી વધુ દેશમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અત્રે નોંધનિય છે કે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ગયા વર્ષે ઐતિહાસિક પ્રસ્તાવના માધ્યમથી ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી.

## જળયાત્રામાં શણગારેલા હાથી આકર્ષણનું કેન્દ્ર

**જળયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા : સવારમાં જમાલપુરના મંદિરથી જળયાત્રાની શોભાયાત્રા નીકળી : છઠ્ઠી જુલાઈના દિવસે જગન્નાથ યાત્રા યોજાશે**

અમદાવાદ,તા. ૨૦

રથયાત્રા આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આજે ભવ્ય જળયાત્રા કાઢવામાં આવી હતી. જળાયાત્રા દર વર્ષે પરંપરાગત રીતે યોજવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની સાથે સાથે ભજન મંડળીઓ, શણગારેલા હાથીઓ પણ જોડાય છે. મોટી સંખ્યામાં ધજા પતાકા પણ જોવા મળે છે. ગંગા પૂજનની વિધિ કરવામાં આવી હતી. નિજ મંદિરે આવ્યા બાદ સવારે મહાજળાભિષેકની વિધિ પણ કરાઈ હતી. આજે સાબરમતી રિવરફ્રન્ટ સુધી જળયાત્રા યોજવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસથી જળયાત્રાની તૈયારીઓ ચાલી રહી હતી અને જુદા જુદા કાર્યક્રમો પણ તૈયાર થઈ રહ્યા હતા. ભગવાન જગન્નાથ ગજવેશમાં મોસાળ પ્રસ્થાન કરી ગયા છે.



જગન્નાથ મંદિર રથયાત્રા પૂર્વ અતિ મહત્વની જળયાત્રા નીકળી હતી. જેઠ સુદ પુનમના દિવસે રથયાત્રાના પખવાડિયા અગાઉ જળયાત્રા કાઢવાની પરંપરા સૈકાઓ પુરાણી છે. જમાલપુર મંદિરેથી સવારે ૮ કલાકે મોટી સંખ્યામાં ધજા પતાકા લઈને લોકો જોડાયા હતા. શોભાયાત્રા સાબરમતી નદીના સોમનાથ ભુદરના આરે પહોંચ્યા બાદ ગંગાપુજન કરાયું હતું. ગંગા પુજન બાદ ૧૦૮ કળશમાં જળ ભરવામાં આવ્યું હતું. તેમજ મંદિરે આવ્યા બાદ સવારે ૧૦ વાગ્યે વિધિવત મહાજળાભિષેક કરવામાં આવ્યું હતું. ભગવાનનું ષોડશોપચાર પુજન બાદ તેઓ પોતાના મોસાળ સરસપુર પ્રયાણ કરે છે.



## આજે સવા કરોડ ગુજરાતીઓ યોગ કરશે

**ગુજરાતમાં આજે ૪૦૦૦૦ સ્થળો ઉપર યોગ કાર્યક્રમો યોજાશે : ગુજરાતમાં સૌથી મોટો કાર્યક્રમ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં યોજાશે અમદાવાદ જિલ્લામાં ૧૨૯૧ સ્થળ પર ૭ લાખથી વધુ લોકો યોગમાં જોડાશે**

અમદાવાદ,તા.૨૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે આંતરરાષ્ટ્રીય યોગ દિવસને ભવ્ય રીતે મનાવવા માટે ગુજરાત સંપૂર્ણપણે તૈયાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આવતીકાલે ૨૧મી જુનના દિવસે વિશ્વ યોગ દિવસ છે. વિશ્વ યોગ દિવસે ગુજરાતમાં ૪૦ હજારથી વધારે સ્થળ પર એક કરોડથી વધુ લોકો યોગસાધનામાં સ્વયંભુ સામેલ થનાર છે. એકલા અમદાવાદ જિલ્લામાં ૧૨૯૧ સ્થળોએ સાત લાખથી વધારે લોકો યોગમાં સહભાગી થનાર છે. અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રાજ્ય કક્ષાનો સૌથી મોટો કાર્યક્રમ યોજનાર છે. જેમાં મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ અને રાજ્યપાલ ઓપી કોહલી પણ હાજર રહેનાર છે. તેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. અમૂલ્ય અને પ્રાચીન વિરાસત સમાન યોગના વિશ્વ પ્રયોગની યશસ્વી ઘઠના ફરીથી એક વખત સાકાર થવા જઈ રહી છે. ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી રાજ્ય-દેશ સહિત સમગ્ર વિશ્વમાં થનાર છે. અમદાવાદ સ્થિત જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે રાજ્ય કક્ષાનો વિશ્વ યોગ દિવસ ઉજવાશે. આ કાર્યક્રમમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી તથા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે. જ્યારે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી શ્રી જે.પી. નડ્ડા તથા ગુજરાતના કાયદા રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સાબરમતી નદીના કિનારે રીવરફ્રન્ટ તેમજ જિલ્લાના તમામ તાલુકા મથકોએ પણ સામૂહિક યોગ નિદર્શન યોજાશે. શિક્ષણમંત્રી



ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગેની વિગતો આપતા પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાની દરખાસ્ત મુકતા યુનોએ તેનો સ્વીકાર કર્યો. એ અર્થમાં વડાપ્રધાને ગુજરાત અને સમગ્ર ભારત દેશને અનેરું સન્માન અને ગૌરવ અપાવ્યું છે.

## વીજ વિતરણ મુલ્યાંકનમાં રાજ્યની ચાર કંપની મોખરે

અમદાવાદ, તા.૨૦

ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ઊર્જા ક્ષેત્રે ગુજરાતની આગેકુચ ચાલુ જ રહી છે અને ઊર્જા ક્ષેત્રએ ગુજરાતે અનેક સિદ્ધિઓ મેળવી દેશમાં શિરમોર સ્થાન પ્રાપ્ત કર્યું છે. કેન્દ્રના ઊર્જા મંત્રાલય દ્વારા પ્રકાશિત પુસ્તિકામાં જાહેરાત કરાયા મુજબ દેશભરની વીજ વિતરણ કંપનીઓના મૂંલ્યાકન ગુજરાતની ચારેય વીજ કંપનીઓ પ્રથમ ચાર સ્થાને આવેલી છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. ગુજરાતની કંપનીઓ સિવાય કોઈને એ પલ્સ રેટિંગ મળ્યું નથી. આ અંગે વધુ વિગતો આપતા રાજયના ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, આ રેટીંગથી વીજ વિતરણ ક્ષેત્રે ઊર્જાવાન કામગીરી દ્વારા ગતિશીલ ગુજરાતે ફરી એક વખત પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્રના ઊર્જા મંત્રાલય દ્વારા છેલ્લા ચાર વર્ષથી દેશની વીજ વિતરણ કંપનીઓની આર્થિક સ્થિતિ અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરીને રેટીંગ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
Himalaya ZANDU VASU Healthcare Pvt. Ltd. पतंजलि Baidyanath Dabur SANDU Charak
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415

મેયરશ્રી
પ્રવિણભાઇ
પટેલના વરદહસ્તે
આવતીકાલે
શુભ ઉદ્‌ઘાટન
૧૧.૦૦ વાગે
Call for Appointment Between 10am to 4pm +91 97266 85930
ॐ VAIBHAVLAKSHMI
ASTROLOGY
અતિથિ વિશેષ :
વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોઝર
શ્રી કલ્પેશ ઉપાધ્યાય
શ્રી ગીરીશભાઇ શર્મા
(ડીરેક્ટર ગુજરાત
પંચાયત સેવા પંદગી બોર્ડ)
206, B/h Church, 2rd Floor, Sector - 21, Gandhinagar
Shailendrakumar
લક્ષ્મી ઉપાસક
YouTube om vaibhav laxmi astro